
સહકારમાં ભળી સંસ્કારની સુવાસ ...

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૨ । વર્ષ - ૪ । ઓગષ્ટ - ૨૦૨૪ (સળંગ અંક : ૩૭) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## હવે સૂર્ય ઉર્જાથી સમર્થ આપણી સાગર



ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદી દેશમાં સૂર્ય ઉર્જાનો સામાન્યમાં સામાન્ય માણસને લાભ મળે તે માટે સતતના ધોરણે પ્રયત્નશીલ છે. સૌરઉર્જા સ્વચ્છ અને રીન્યુએબલ એનર્જી સોર્સ છે. સોલાર પેનલ ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડીને જળવાયુ પરિવર્તનથી વાકેફ રાખે છે. વીજળી બનાવવા વપરાતા કોલસાના કારણે પર્યાવરણ પ્રદુષિત થાય છે ત્યારે કોલસાનો ઉપયોગ ઘટાડીને સોલાર પેનલ્સ વાપરવાથી આપણને સ્વચ્છ વાતાવરણ મળી શકે છે. સોલાર પેનલ થકી વિજ શક્તિનું ઉત્પાદન કરવાથી આર્થિક રીતે પણ ભરપૂર મદદ મળી રહેતી હોય છે ત્યારે, પ્રધાનમંત્રીશ્રીના આ દ્રષ્ટિકોણને સાકાર કરતાં મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ પણ સૂર્યઉર્જાને પોતાનો કાયમી સાથીદાર બનાવવા કટિબધ્ધ બન્યો છે. ગત ૬૪ મી સાધારણ સભામાં મહેસાણા દૂધસંઘ દ્વારા આ દિશામાં મક્કમ કદમ ઉઠાવવામાં આવ્યા છે. દૂધસાગર ડેરી મહેસાણા ખાતે તાજેતરમાં રૂપિયા ૩,૫૪,૫૩,૧૯૧ ના ખર્ચે એક મેગા વોટ કેપેસીટીની સોલાર સિસ્ટમ નાખવામાં આવી છે. તો, મહેસાણા દૂધસંઘ સંચાલિત ધારૂહેડા પ્લાન્ટ ખાતે પણ હાલમાં રૂપિયા ૩,૬૯,૬૭,૨૭૩ ના ખર્ચે એક મેઘા વોટ કેપીસીટીનો સોલાર પ્લાન્ટ સ્થાપિત થઈ રહ્યો છે. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં આ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર પ્રથમ તબક્કે સ્થાપવામાં આવેલ આ બે સોલાર સિસ્ટમસ્ પ્લાન્ટના કાર્યરત થવાથી બંને જગ્યાએથી કુલ ૩ લાખ યુનિટ વિજળીનું ઉત્પાદન થઈ રહ્યું છે. અને એ ન્યાયે આ બે સોલાર પ્લાન્ટને કારણે દર વર્ષે દૂધસાગર ડેરીને રૂપિયા ૩,૧૫,૩૬,૦૦૦ જેટલી માતબર રકમની વિજખર્ચમાં બચત થશે અને આમ, આવનારા અઢી વર્ષ માં તમામ સોલાર પ્લાન્ટનો ખર્ચ નીકળી જવા પામશે અને ત્યારબાદ આગામી પચ્ચીસ વર્ષ સુધી આ સોલાર પ્લાન્ટ દૂધસાગરને આર્થિક મદદ આપતો રહેશે.

દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અને નિયામક મંડળ આપણી ડેરીમાં નવિન ટેક્નોલોજી અને ફાયદા કારક બદલાવના હંમેશા હિમાયતી રહ્યા છે. દૂધસાગર ડેરીમાં તૈયાર થઈ રહેલ પાવડર પ્લાન્ટ તેમજ સમગ્ર દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં પાકા મકાન ધરાવતી મંડળીઓ ઉપર સોલાર પેનલ લાગે તે માટે ગત સાધારણ સભામાં બોર્ડે ઉદાર મને મંડળીઓને સહાય રકમનો વધારો કરી અઢી જિલ્લાની તમામ ગ્રામીણ દૂધ મંડળીઓ સોલાર અપનાવતી થાય તે દિશામાં પોતાની મક્કમતા જાહેર કરી છે ત્યારે આ લખાય છે ત્યાં સુધીમાં શરૂઆતના પ્રથમ તબક્કે વિવિધ ૨૧ દૂધ મંડળીઓમાં સોલાર પેનલ લાગી ચૂક્યા છે તથા અનેક દૂધ મંડળીઓ એ ડેરીના સહાય રકમ મેળવવા સોલાર પેનલ લગાવવાની દરખાસ્તો મોકલી આપી છે. દૂધસાગર સાથે સંકળાયેલી તમામ દૂધમંડળીઓના મકાનો ઉપર જ્યારે સંપૂર્ણ રીતે સોલાર સિસ્ટમનું આવરણ લાગી જશે ત્યારે પશુપાલકોના કરોડો રૂપિયાની બચત માટે સૂર્યનારાયણ ભગવાનનો આશિર્વાદ સતત દૂધસાગરને આર્થિક લાભની ઉષ્મા આપતો રહેશે.

# Amul ICE LOUNGE



## નવી દિલ્હીના કોનોટ પ્લેસ ખાતે દૂધસાગર અને અમૂલના સંયુક્ત ઉપક્રમે શરુ થયો

# અમૂલ આઈસ લાઉન્જ

**દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને અમૂલ ફેડરેશનના MD શ્રી. જયેન મહેતા હાજર રહ્યા**

ગત જૂલાઈ માસમાં મહેસાણા દૂધસાગર ડેરીએ પોતાના સહકાર અને સ્વભાવથી નવી દિલ્હી ખાતે અમૂલના સહયોગથી સ્થાનિક આઈસ્ક્રિમ વેચાણ અંગેનો એક ભવ્યાતિભવ્ય સ્ટોર દિલ્હીના હૃદય સમાન કોનોટ પ્લેસ વિસ્તારમાં શરૂ કરી એક નવો ચિલો ચાતરવાનું કામ કર્યુ છે.

મહેસાણા દૂધસાગર ડેરી અને અમૂલ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આવેલ આ "અમૂલ આઈસ લાઉન્જ" નો શુભારંભ આપણી દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીના વરદ્ હસ્તે કરવામાં આવ્યો ત્યારે સંસ્થા તથા આપણા ચેરમેનશ્રી નું મનોબળ વધારતાં અમૂલ ફેડરેશનના MD શ્રી. જયેન મહેતા તથા અગ્રણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવી દિલ્હી ખાતે કોનોટ પ્લેસ એ સતત ધબકતો એક એવો વિસ્તાર છે જે 24 કલાક લોકોની અવર જવરનો સાક્ષી બની રહેલ પોશ એરિયામાં સમાવિષ્ઠ થયેલો છે. આવા વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવેલ આ લાઉન્જ માં અમૂલ આઈસ્ક્રિમ સાથે વિશ્વના પંદર દેશોના વિવિધ આઈસ્ક્રિમ પ્રોડક્ટ્સ નું વેચાણ એક જ જગ્યાએ ઉપલબ્ધ થતું હોવાથી છેલ્લે મળેલ સમાચાર અનુસાર આ સ્ટોર દિલ્હી વાસીઓ માટે હાલમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

• • •

# જવાબદારી







## પ્રકૃતિને પ્રોત્સાહન

## દિલ્હી ખાતે સહકાર મંત્રી અમિત શાહના વરદ્હસ્તે ખુલ્લો મુકાયેલ દેશનો પ્રથમ અમૂલ પ્રાકૃતિક સ્ટોર આપણી દૂધસાગર સંભાળશે

તાજેતરમાં ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે દેશના ગૃહ અને સહકાર મંત્રી શ્રી. અમિતભાઈ શાહે 102 માં આંતરાષ્ટ્રીય સહકારીતા દિવસ ઉપર "સહકારથી સમૃદ્ધિ" કાર્યક્રમને સંબોધિત કર્યો હતો.

હાલમાં, દેશના યશસ્વી વડા પ્રધાનશ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના નેતૃત્વ હેઠળ કેન્દ્રનું સહકાર મંત્રાલય ખેડૂતો, પશુપાલકો અને માછીમારો ની આવક વધે તથા દેશ અને દુનિયાને શુધ્ધ ખોરાક ઉપલબ્ધ થાય તે લક્ષ સાથે આગળ વધી રહ્યું છે. આગામી વર્ષોમાં સહકાર મંત્રાલય દ્વારા દેશની સહકારી સંસ્થાઓને વધુમાં વધુ મજબૂત બનાવવાની તેમજ આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવવાનું છે એ વિશ્વાસ સાથે તેમણે ખેડૂતોની આવકમાં વધારો કરવાના આશયને વ્યક્ત કરતાં સહકાર મંત્રીશ્રી અમિતશાહ દ્વારા નેશનલ કો-ઓપરેટીવ ઓર્ગેનિક લિમીટેડ (NCOL) તૈયાર કરવામાં આવેલ પ્રાકૃતિક લોટ (આટો) નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ સાથે દિલ્હી ખાતે દેશનો પ્રથમ અમૂલ પ્રાકૃતિક સ્ટોરનું વરચ્યુઅલ (ઈન્ટરનેટ ના માધ્યમથી) ખુલ્લો મૂકવામાં આવ્યો. મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. એટલે કે આપણી દૂધસાગર ડેરી દ્વારા દેશના આ પ્રથમ અમૂલ દ્વારા સ્થપાયેલ પ્રાકૃતિક સ્ટોરનું સંચાલન કરવાની ગૌરવભેર જવાબદારી નિભાવવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે ; પ્રાકૃતિક ખેતપેદાશોના વેચાણમાં સરકાર સાથે દૂધસાગરનો સહયોગ પ્રથમ દિવસથી રહ્યો છે. દૂધસાગર દ્વારા હાલમાં : મહેસાણા, પાટણ, ઉંઝા જેવા શહેરોમાં સાગરફ્રેશ નામથી સ્થાનીક વેચાણ ધરાવતા સ્ટોર ચાલી રહ્યા છે.

# દૂધસાગરના આંગણે યોજાઈ સહકાર સમીક્ષા બેઠક







ભારત સરકારના સહકારથી સમૃદ્ધિ વિઝનને સાર્થક રૂપ આપવા આપણી દૂધસાગર ડેરી ખાતે એક સમીક્ષા બેઠકનું આયોજન થયું હતું. જેમાં રાજ્યના સહકાર મંત્રી શ્રી. જગદિશભાઈ પંચાલ, GSC-ADC બેંકના ચેરમેનશ્રી. અજયભાઈ પટેલ, રાજ્યસભા સાંસદ શ્રી. મયંકભાઈ નાયક, લોકસભા સાંસદ હરીભાઈ પટેલ, ડિ.બેંક ના ચેરમેન વિનોદભાઈ પટેલ તથા સહકાર સચીવ અને રાજ્ય રજીસ્ટાર સાથે ધારાસભ્ય શ્રી.મુકેશભાઈ પટેલ, શ્રી. કે.કે. પટેલ સહિત મોટી સંખ્યામાં સહકારી ક્ષેત્રના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



# દૂધમાં મધ ભળ્યું

**દૂધસાગર બની હવે, મધુસાગર**

વિતેલા સાડાત્રણ વર્ષોથી આપણી દૂધસાગર ડેરીને સંસ્થાના ચેરમેનશ્રી. ની વેપારી કૂનેહ તથા નિયામક મંડળની ઉદારતાનો ભરપૂર લાભ મળી રહ્યો છે. પશુપાલકોને દૂધના ધંધામાં વધુમાં વધુ વળતર કેમ કરીને મળતું રહે ? તેનું સતત ચિંતન હાલમાં દૂધસાગરના સંચાલક મંડળ તરફથી થઈ રહ્યું છે. દૂધસાગર ડેરીના દૂધ ઉત્પાદકો અને જિલ્લાના ખેડૂતો માટે વધારાની આવક ઉભી થાય એ હેતુથી દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી. નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ દૂધસાગર ડેરીએ હવે દૂધની સાથે - મધ ઉત્પાદનની દુનિયામાં પ્રથમ કદમ મૂકી દીધું છે.

મહેસાણા દૂધસાગર ડેરીની ગત ૬૪ મી સાધારણ સભામાં દૂધસાગર ડેરી દ્વારા "સાગર મધ " ને બજારમાં વેચાણ અર્થે ખુલ્લુ મૂકવામાં આવ્યું ત્યારે આ પ્રસંગે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ સાધારણ સભામાં ઉપસ્થિત પશુપાલક સભાસદોને આ પ્રોજેક્ટ બાબતે માહિતી આપતાં જણાવ્યું કે ; રાષ્ટ્રીય મધમાખી ઉછેર અને મધ મિશન (NDHM) અને રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમ (NDDB) ના સહયોગથી જિલ્લાના ૧૨૦ જેટલા પશુપાલકોને સાત દિવસ સુધી વિનામૂલ્યે વૈજ્ઞાનિક ઢબે મધમાખી ઉછેર તાલીમ આપવામાં આવી તથા આ તાલીમના અંતે મધમાખી ઉછેર માટે આર્થિક સહાય પૂરી પાડી આ પ્રથમ વર્ષે ૧૫ ટન જેટલા મધનું આપણા પશુપાલકો દ્વારા ઉત્પાદન કરવામાં આવ્યું. ઉત્પાદિત મધને ખેડૂતો પાસેથી પોષણક્ષમ ભાવ આપી તેની ખરીદી કરી આજે આ શુધ્ધ મધને વ્યાજબી કિંમતે બજારમાં "સાગર મધ" સ્વરૂપે કાચની બોટલમાં સંપૂર્ણ વિશ્વસનીયતા સાથે બજારમાં વેચાણ અર્થે મુકવામાં આવ્યું છે. દૂધસાગરના વિશ્વસનીય નામ સાથે બજારમાં મુકવામાં આવેલ આ મધ ૧૦૦% શુધ્ધ સ્વરૂપમાં ગ્રાહકો સુધી પહોંચવાનું છે ત્યારે તેના વેચાણથી દૂધ ઉત્પાદકોને વધારાની આવક સાથે પર્યાવરણના રક્ષણમાં પણ ભારે મદદ મળવાની છે. મધમાખી એ ખેડૂતની દોસ્ત છે તથા આ મધમાખી ઉછેર જે વિસ્તારમાં થઈ રહ્યો છે અને આગામી સમયમાં જે પશુપાલકો આ વ્યવસાયને અપનાવશે તેમના વિસ્તારમાં પણ પાકની ઉપજ વધવામાં મદદરૂપ બનશે. દૂધસાગર ડેરી આવનાર સમયમાં જે પશુપાલકો આ મધમાખી ઉછેર ના વ્યવસાયને અપનાવશે તેને સંપૂર્ણ તાલીમ વિના મૂલ્યે આપી, આર્થિક સહાય પૂરી પાડી ઉત્પાદિત થયેલા મધની ઉત્તમ કિંમતે ખરીદી કરશે તેનો ભરોસો આપે છે. અંતમાં ચેરમેનશ્રીએ બધા પશુપાલકો શ્વેત ક્રાંતિની જેમ આ સ્વીટ ક્રાંતિ ઉભી કરવામાં પોતાનો સહયોગ અને સહકાર આપે તેવી અપીલ કરી હતી.

# ઉત્તર ગુજરાતના પ્રખ્યાત "જીરૂ" ની યુરોપ નિકાસ સાથે દૂધસાગર ડેરીએ પ્રાકૃતિક આહાર ના વિશ્વ બજારમાં પોતાનું નામ નોંધાવ્યું



"**સ્વસ્થ ધરતી - તંદુરસ્ત દેશવાસી**" આ સૂત્રને સાકાર કરવા દૂધસાગર ડેરીએ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા ખેડૂતો માટે તાલીમ અને માર્ગદર્શન આપવાનું કામ વિતેલા એક વર્ષથી શરૂ કરી દીધેલું છે. પ્રાકૃતિક ખેતપેદાશોને વેચાણ માટે સ્થાનિક બજાર મળી રહે તે માટે "સાગર નેચરલ સ્ટોર" શરૂ કરી આ દિશામાં મજબૂત કદમ મૂકી દીધા છે. અમૂલ બ્રાન્ડ અંતર્ગત તુવરદાળ, મગ, મગદાળ, ચણા વગેરેનું પેકિંગ અને વેચાણ કરવાની સાથે મોટા પાયે પ્રાકૃતિક ખેતપેદાશોની ખરીદી અને વેચાણ અંગેના પ્લાન્ટનું કામકાજ પણ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. વિકસીત ભારત અને સ્વસ્થ ભારતના સ્વપ્ન દ્રષ્ટા એવા પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબની દૂરંદેશી અને સહકાર મંત્રીશ્રી. અમિતભાઈ શાહ સાહેબના અથાગ પ્રયત્નોથી ખેત પેદાશોના સરળ નિકાસ માટે નેશનલ કો.ઓપરેટીવ એક્સપોર્ટ લીમીટેડ (NCEL) ની સ્થાપના કરી ભારત સરકારે ખેડૂતોની આવક બમણી કરવાનું એક મહત્વનું પ્લેટફોર્મ ઉભુ કર્યુ છે ત્યારે તેનો મહત્તમ ઉપયોગ કરી મહેસાણા દૂધસાગર ડેરીએ તાજેતરમાં ઉત્તર ગુજરાતની પ્રખ્યાત ખેતપેદાશ એવા પ્રાકૃતિક જીરાની ૨૫ ટન ખરીદી કરી તમામ લેબોરેટરી ટેસ્ટોમાં ખરૂ ઉતર્યા બાદ તેને મુન્દ્રા પોર્ટથી યુરોપ નિકાસ કરી આંતરરાષ્ટ્રિય બજારમાં પ્રથમ કદમ મૂક્યું છે. ભવિષ્યમાં દૂધસાગર પ્રાકૃતિક વરીયાળી, ચણા અને કઠોળ પાકોની ખરીદી કરી વિશ્વ બજારમાં મૂકી ખેડૂતોના ઉત્તમ જીવન ધોરણ માટે કામ કરવાનું સતત ચાલુ રાખશે તેવું સંસ્થાના ચેરમેનશ્રી એ ખેડૂત - પશુપાલકોને આશ્વાસન આપ્યું છે.

# વર્ષો પછી બીજદાન કર્મચારીઓ ડેરીમાં મળ્યા

દૂધસાગર ડેરીનો સર્વાંગી વિકાસ થાય અને આ સંસ્થા સફળતાના નવા - નવા સોપાનો સ્થાપિત કરતી જાય એ ધ્યેયને લક્ષમાં રાખી આપણી સંસ્થાના ચેરમેનશ્રી. તથા MD શ્રી અને નિયામક મંડળના સદસ્યો સતતના ધોરણે કાર્યરત છે. એક તરફ દૂધની આવક વધારવાનું લક્ષ છે તો બીજી તરફ ડેરીનો વેપાર વધે અને આ સંસ્થાના સભાસદોને આર્થિક રીતે વધુમાં વધુ મદદરૂપ બની શકાય તથા દૂધસાગર ડેરીને છેલ્લામાં છેલ્લી ટેક્નોલોજી સાથે અદ્યતન બનાવી સમય સાથે કદમતાલ મિલાવવાનો એક કર્મયજ્ઞ ચાલી રહ્યો છે.


તાજેતરમાં તા.૨૨ જૂનના રોજ વર્ષો પછી દૂધસાગર ડેરીના માનસિંહભાઈ હોલમાં આ સંસ્થા સાથે સંકળાયેલા ૬૦૦ થી વધુ બીજદાન કર્મચારીઓ સાથે આપણી સંસ્થાના ચેરમેનશ્રી અને MD સાહેબે દિલ ખોલીને વાતો કરી. દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં રહેલું પશુધન ઉપજાઉ બને તથા તંદુરસ્ત માદા પશુ પેદા થાય અને ઉચ્ચ ઓલાદની આ ગાય ભેંસો વધુમાં વધુ દૂધ ઉત્પન્ન કરે અને આપણા વિસ્તારમાં પશુપાલકોના આંગણે આર્થિક ખુશહાલી જોવા મળે તે માટે બીજદાન કર્મચારીની ઉત્તમ ભૂમિકા શું હોઈ શકે ? તેની લાગણી સભર ચર્ચા વિચારણાઓ થઈ. દૂધસાગર ડેરી દ્વારા સંશોધિત અને ઉત્પાદિત થયેલા વૈજ્ઞાનિક ડોઝ નો બીજદાન કર્મચારીઓ ગ્રામ્ય કક્ષાએ વધુમાં વધુ ઉપયોગ કરે તેના આગ્રહ સાથે સેક્સડ્ સીમેન ડોઝ અને એમ્બ્રિયો ટ્રાન્સફર (ભ્રુણ પ્રત્યારોપણ) જેવી આધુનિક પધ્ધતિઓથી પશુપાલકો વાકેફ થાય અને આ સંદર્ભે વધુમાં વધુ જનજાગૃતિ ફેલાય તે માટે બીજદાન કર્મચારીઓ જાગૃત બને અને પોતાની ભૂમિકાને ઉત્તમ ન્યાય આપે તો વિસ્તારના પશુપાલકો ઓછા જાનવરે વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક સંપન્નતા પ્રાપ્ત કરે તેવી સ્થિતીનું નિર્માણ કરવા ચેરમેનશ્રીએ હાકલ કરી હતી. બીજદાન કર્મચારીઓની આ વિશાળ હાજરી વચ્ચે સંસ્થાના વેટરનરી વિભાગના તજજ્ઞોએ સંપૂર્ણ આંકડાકીય માહિતીઓ સાથે હાલમાં ઉત્તમ પશુ ઓલાદ બાબતે જોઈતા પ્રમાણમાં સજાગતા નથી તેવી વાત સાથે બીજદાન કર્મચારીઓને ઉત્સાહનું વાતાવરણ ઉભું કરવા પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન દૂધસાગર ડેરી દ્વારા પશુપાલનને સંલગ્ન યોજનાઓ જેવી કે CRP, FIP, MCP, સેક્સ સિમેન ડોઝ, ET વગેરેનો વ્યાપ અને પરિણામ વધે તેમજ પશુઓમાં ગર્ભધારણ ટકાવારીમાં વધારો થાય તેવા ઉમદા હેતુથી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.





## ફળદ્રુપ અને સમૃદ્ધ માદા પશુધન આજના સમયની માંગ છે : ચેરમેનશ્રી

# માળખાકીય સુવિધાઓ માટે દૂધસાગરની મુશળધાર સહાય




માનવજીવન માટે દૂધ એ અમૃત સમાન છે. પરંતુ, દૂધની કાળજી ના રાખવામાં આવે અથવા જાણે અજાણ્યે આપણાથી બેદરકારી થવા પામે તો દૂધ ઘણીવાર ઝેર સમાન બની જતું હોય છે. હાલમાં, ગ્લોબલ વોર્મિંગના કારણે વધતું જતું તાપમાન સમગ્ર માનવજાતની સાથે પશુપંખીઓ અને આપણી સુવિધાઓને પણ અસર કરતું જાય છે. એવામાં દૂધસાગર ડેરી પોતાને પ્રાપ્ત થતા દૂધની ગુણવત્તા જાળવી રાખવા કટિબધ્ધ હોવાથી આ પડકારનો સામનો બેખૂબી થી કરી રહી છે.

વર્તમાન પરિસ્થિતીને પારખી એના માટે આગોતરા પગલાં ભરવાની દૂરંદેશી દાખવીને દૂધસાગર ડેરીના વર્તમાન નિયામક મંડળે પોતાની ટીમ સાથે દૂધને ઠંડુ કરવા તથા સમયસર એ પ્રોડક્શન પ્લાન્ટ સુધી પહોંચે તે માટે ગ્રામ્ય કક્ષાએ દૂધ મંડળીઓને વધુમાં વધુ માળખાકિય સુવિધાઓ પૂરી પાડવા આગોતરું આયોજન હાથ ધર્યું છે. જેના પરિપાક રુપે કેન્દ્ર સરકારની NPDD (નેશનલ પ્રોજેક્ટ ફોર ડેરી ડેવલોપમેન્ટ) અંતર્ગત દૂધસાગર ડેરીની મંડળીઓ માટે સમગ્ર ભારતના તમામ જિલ્લા સંઘમાં સૌથી વધુ 166 જેટલા બલ્ક મિલ્ક કૂલર જનરેટર સાથે સરકારની 60 % સહાય મળે છે તે પૈકી 15 કરોડની સહાય મંજૂર કરાવી દૂધ મંડળીઓને દૂધની ગુણવત્તા જાળવવા માટે સક્ષમ બનાવી છે.

**કેન્દ્ર સરકારની NPDD (નેશનલ પ્રોજેક્ટ ફોર ડેરી ડેવલોપમેન્ટ) અંતર્ગત દૂધસાગર ડેરીની મંડળીઓ માટે સમગ્ર ભારતના તમામ જિલ્લા સંઘમાં સૌથી વધુ 166 જેટલા બલ્ક મિલ્ક કૂલર જનરેટર સાથે 15 કરોડની સહાય મંજૂર કરાવી દૂધ મંડળીઓને દૂધની ગુણવત્તા જાળવવા માટે સક્ષમ બનાવી છે**

આ સાથે જ ભવિષ્યનું પ્લાનિંગ કરીને દૂધ ઉત્પાદકોએ ડોક એરિયામાં વધુ જગ્યા અને સગવડો મળી રહે તે માટે ખેરાલુ તાલુકાની તાલેગઢ, ડાવોલ, સાકરી, નવા સુદાસણા, મિયાસણા અને કોઠાસણા જેવી દૂધ મંડળીઓમાં ઉપરના પ્રથમ માળે ધાબા ઉપર બલ્ક કૂલર સ્થાપિત કરીને દૂરંદેશીતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. જેના કારણે મંડળીઓમાં સ્વચ્છતા, સુઘડતા અને સુવિધાનો ત્રિવેણી સંગમ સર્જાયો છે. મંડળીઓની અગાસી ઉપર બલ્ક કૂલર મૂકવાથી દૂધ ભરવાની જગ્યા ઉપર મોકળાશ સાથે ગ્રેવીટીથી પંપ વગર દૂધ ટેન્કરમાં ભરાઈ જવાથી ઉર્જાની પણ બચત થાય છે. આ સાથે દૂધ ચકાસણીમાં પારદર્શકતા આવે અને મંડળી પરજ દૂધની ગુણવત્તા ચકાસી શકાય તે માટે રુપિયા 6 કરોડની સહાયથી 678 જેટલી મંડળીઓમાં AMCS (ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ) પણ સ્થાપિત કરવામાં આવી છે અને ઉપરોક્ત તમામ સફળતાઓ ઐતિહાસીક છે.

# સાગર સાક્ષી

## ગર્ભપ્રત્યારોપણથી પેદા થયેલ વાછરડીઓના આ છે ઉત્તમ ઉદાહરણ

### માદ્યુપુરા (સિ) દૂધ મંડળી



**પશુપાલક : ચૌધરી ચેતનભાઈ જશુભાઈ**
**મોબાઈલ :** 94083 83865
**વાછરડી જન્મ :** 31/10/2023
**કડી નંબર :** 105774486060
**ઉંમર :** 262 **દિવસ**
**વજન :** 292 **કિલો**
**વિકાસ પ્રતિદિન :** 989 **ગ્રામ**

### વિઠોડા દૂધ મંડળી



**પશુપાલક : ચૌધરી પ્રવિણભાઈ કાનજીભાઈ**
**મોબાઈલ :** 97264 72737
**વાછરડી જન્મ :** 30/11/2023
**કડી નંબર :** 340038578218
**ઉંમર :** 232 **દિવસ**
**વજન :** 266 **કિલો**
**વિકાસ પ્રતિદિન :** 970 **ગ્રામ**

### ફતેહપુરા (ખે) દૂધ મંડળી



**પશુપાલક : ચૌધરી ભીખાભાઈ હેમરાજભાઈ**
**મોબાઈલ :** 87588 13154
**વાછરડી જન્મ :** 16/09/2023
**કડી નંબર :** 105743279097
**ઉંમર :** 307 **દિવસ**
**વજન :** 342 **કિલો**
**વિકાસ પ્રતિદિન :** 922 **ગ્રામ**

### પામોલ દૂધ મંડળી



**પશુપાલક : ચૌધરી ભરતભાઈ નાથાભાઈ**
**મોબાઈલ :** 98251 24518
**વાછરડી જન્મ :** 11/09/2023
**કડી નંબર :** 105743279100
**ઉંમર :** 310 **દિવસ**
**વજન :** 314 **કિલો**
**વિકાસ પ્રતિદિન :** 900 **ગ્રામ**

પશુપાલક એ દૂધસાગર ડેરીનો અંતરઆત્મા છે અને આ સંસ્થામાં એનું હિત સૌથી પહેલાં જોવાશે તેવું માનતા આપણા માનનીય ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને સંઘના તમામ ડિરેક્ટરશ્રીઓની દિર્ઘદ્રષ્ટિથી આપણા કાર્યક્ષેત્રમાં ગર્ભપ્રત્યારોપણનો કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમથી ઓછું દૂધ આપતાં પશુઓનો પાલક માતાની જેમ ઉપયોગ કરી વધારે દૂધ આપે તેવી વાછરડીઓ આપણે પેદા કરી શકીએ છીએ. ગત વર્ષ દરમ્યાન આપણા ત્યાં ઘણા દૂધ ઉત્પાદકોએ આ યોજનાનો લાભ લીધો છે.

| ક્રમ | 2022-23 | 2022-23 | 2022-23 | અત્યાર સુધી |
|---|---|---|---|---|
| ગાભણ થયેલ ગાયની સંખ્યા | 40 | 71 | 10 | 121 |
| તળવાઈ ગયેલ ગાયની સંખ્યા | 7 | 6 | 1 | 14 |
| વિયાણની સંખ્યા | 33 | 15 | 0 | 48 |
| વિયાણ સમયે મરણ પામેલ બચ્ચાં | 3 | 1 | 0 | 4 |
| વાછરડી નો જન્મ | 27 | 12 | 0 | 39 |
| વાછરડી નું મરણ | 3 | 1 | 0 | 4 |
| વાછરડાનો જન્મ | 3 | 2 | 0 | 5 |
| વાછરડાનું મરણ | 2 | 0 | 0 | 2 |
| હયાત વાછરડી | 24 | 11 | 0 | 35 |

દૂધ ઉત્પાદક મિત્રો, આપણા ઉત્તર ગુજરાતના વાતાવરણમાં સામાન્ય રીતે શંકર ગાયના બચ્ચાનું જન્મ સમયે સરેરાશ વજન 30 થી 35 કિલો જેટલું હોય છે અને એ રીતે પુખ્ત ગાયનું વજન 450 થી 500 કિલો સુધી જોવા મળે છે. મહેસાણા દૂધ સંઘના વર્તમાન જાગૃત ચેરમેનશ્રી તથા MD સાહેબના માર્ગદર્શન હેઠળ શરુ કરવામાં આવેલ આ ગર્ભપ્રત્યારોપણ કાર્યક્રમથી મળેલ પરિણામ મુજબ આ પધ્ધતિથી જન્મેલ વાછરડીઓનું સરેરાશ વજન 40 કિલો જોવા મળ્યું છે. આ બચ્ચાઓ રોજના સરેરાશ 700 વજન લેખે વિકાસ કરતા હોવાનું નોંધાયું છે. પરંતુ, જે ખેડૂત પશુપાલક મિત્રો આ ગર્ભપ્રત્યારોપણ પધ્ધતિથી વાછરડીઓને જન્મ આપવા તૈયાર થયા છે અને સમગ્ર કાર્યક્રમ દરમ્યાન જેઓએ દૂધસાગર ડેરીના ડોક્ટરશ્રીઓની સલાહ પ્રમાણે યોગ્ય ખોરાક અને માવજત કરી છે તેમના ઘરે આ વાછરડીઓ રોજના 800 ગ્રામથી લઈને 1000 ગ્રામના વજનથી વિકાસ પામી રહી છે. આ ગણિત અને ચોક્કસ રીતે પ્રાપ્ત થયેલ આંકડાકીય માહિતી પ્રમાણે આ વાછરડીઓ 10 મહિનાની ઉંમરે 300 કિલો વજનની આસપાસ થવા પામશે જેના કારણે પુખ્ત બનેલી આ ગાયો ગરમીમાં આવવાની શરુઆત કરી દેશે. આવી વાછરડીઓ 2 વર્ષ કે તેથી પણ જલ્દી વિયાણ આપશે અને પ્રથમ વેતરમાં જ અંદાજિત 20 કિલો દૂધનું ઉત્પાદન આપતી થઈ જશે. પશુપાલનમાં વાછરડી ઉછેર માટે ખોરાક અને માવજત સૌથી મહત્વનો ભાગ ભજવતી હોય છે. આપ આ લેખની શરુઆતમાં જે વાછરડીઓના ફોટા અને વિગતો જુઓ છો તેમના માલિકો જાગૃત પશુપાલક તરીકે આપણને બધાને માર્ગદર્શન આપી રહ્યા છે. આ ગર્ભ પ્રત્યારોપણ યોજનાનો લાભ વધુમાં વધુ દૂધ ઉત્પાદકો લઈ શકે તે માટે મહેસાણા દૂધ સંઘના સંચાલક મંડળે અગાઉ દૂધ ઉત્પાદકો પાસેથી રુપિયા 5,000 લેવાતા હતા તે 50% ઘટાડી રુપિયા 2,500 કરેલ છે ઉલ્લેખનીય છે કે ગર્ભપ્રત્યારોપણનો કૂલ ખર્ચ 20,000 થતો હોય છે. ત્યારે, સંસ્થાની આ ઉદારતાનો લાભ લઈ આપણે પણ આ કાર્યક્રમમાં હિસ્સેદાર બની ઉજળા ભવિષ્યનું નિર્માણ કરીએ વધુ જાણકારી માટે દૂધસાગર ડેરીના નીચે આપેલ ડૉક્ટરશ્રીઓનો સંપર્ક કરીએ :

**ડૉ.એ.એમ. પટેલ :** 8128673892 **ડૉ.સ્નેહલ દેસાઈ :** 6359882670 **ડૉ.વિશાલ મોદી :** 9662537522 **ડૉ.નરેન્દ્ર સોલંકી :** 8128673944

દૂધ સાગરનું બાળ પ્રતિબિંબ એટલે સહયોગ

# એક મુલાકાત : સહયોગ પ્રોડક્શન હાઉસની

પવિત્ર શ્રાવણ માસના દિવસોથી શરુ થતા હિન્દુ ધર્મના તહેવારો દિપાવલી સુધી અવિરત ચાલતા હોય છે. આ દિવસોમાં મીઠાઇનો ભરપૂર ઉપયોગ થતો હોવાથી અનેક મીઠાઇની દુકાનો બિલાડીની ટોપની જેમ ફૂટી આવતી હોય છે ત્યારે કાચના ફર્નિચરમાં ગોઠવેલી ઘરેણાં જેવી દેખાતી મીઠાઇઓ વાસ્તવમાં જ્યાં બને છે ત્યાં કેવું શુધ્ધ અને આરોગ્યને હાનિકર્તા ના હોય તેવું વાતાવરણ અને સ્વચ્છતા હોય છે ખરી ? આ સવાલનો જવાબ મેળવવા અમે એક મેઘલી સવારે પહોંચ્યા ગુજરાતના સૌથી મોટા મીઠાઇ ઉત્પાદક સહયોગના પ્રોડક્શન હાઉસની ... મહેસાણા દેદિયાસણ જી.આઇ.ડી.સી ખાતે આવેલ આ પ્રોડક્શન હાઉસમાં દૂધ અને માવાથી તથા વિવિધ ડ્રાયફ્રુટના મિશ્રણથી બનતી મીઠાઇઓ તથા ફરસાણનું ઉત્પાદન થાય છે. આરોગ્યને લગતા સરકારી નિયમો તો ઠીક છે અહીં માનવીય સજાગતા નું પણ ભારોભાર ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. રોજ હજારો લીટર દૂધ વપરાતું હોવા છતાં અહીં અમને એક પણ માખી કે મચ્છર ના જોવા મળ્યા ! રોજબરોજ આ પ્રોડક્શન હાઉસમાં ત્રણસો થી વધુ મહિલાઓ અને પુરુષો રોજગારી મેળવે છે છતાં, શક્ય હોય ત્યાં સુધી તમામ ઉત્પાદનો માનવસ્પર્શ રહિત બને અને આધૂનિક મશીનરી વડે ઉત્પાદન થાય તેની તમામ સગવડો ઉભી કરાઇ છે. સહયોગના વિશ્વ પ્રસિધ્ધ પેંડા માટે શુધ્ધ માવાના લોયા મશીન દ્વારા વણાય છે તો, મોહનથાળ હોય કે કાજૂકતરી, લીલી ભાખરવડી હોય કે કાલાજામ - એક એક નંગનું એવી બારીકાઇ અને ચોક્સાઇથી ઉત્પાદન કરવામાં આવે છે જાણે બનાવનાર પોતાના જ પરિવાર માટે ઉત્પાદિત કરી રહ્યો હોય. નિષ્ણાત મેનેજરો અને કૂશળ સુપરવાઇઝરોની નજર હેઠળ તૈયાર થતા તમામ ઉત્પાદનો આગળના દિવસની માંગ પ્રમાણે રાત્રે તૈયાર કરી સો ટકા ફ્રેશ અને તાજગી સભર હાલતમાં સંપૂર્ણ સુવિધાઓ સાથે સહયોગની વિવિધ શાખાઓમાં પેકબંધ વાહનોમાં મોકલવામાં આવે છે. મીઠાઇની પ્લેટો હોય કે તે બનાવવા જરુરી તમામ વાસણો પણ એજ ધાતુના વસાવવામાં આવ્યા છે જે માનવ આરોગ્ય માટે હાનીકારક ના હોય. ફરસાણ નું ઉત્પાદન તેલને એક જ તાપમાનમાં રાખી કરવામાં આવે છે અને ત્યારબાદ ઉપયોગ કરાયેલા તેલને સાબુ બનાવતી કંપનીઓને વેચી દેવામાં આવે છે. બજારમાં એકના એક તેલને જે વારેવારે ઉકળવાથી ઝેર સમાન બની જાય છતાં ઉત્પાદન ચાલુ જ રાખવાની સ્વાર્થવૃત્તિ સહયોગમાં સહેજ પણ રાખવામાં આવતી નથી. તમામ દૂધની મીઠાઇઓ માટે મહેસાણી ભેંસનું ઉત્તમ ગણાતું A2 દૂધનો જ વપરાશ કરવામાં આવે છે. કેમ કે ; સહયોગ એ દૂધસાગર ડેરીના કર્મચારીઓની શાખ અને પૂરવઠા મંડળી દ્વારા ચાલતી સંસ્થા હોવાથી અહીં સ્વાદ - સુગંધ અને સ્વચ્છતા સાથે કોઇ સમાધાન કરવામાં આવતું નથી. સહયોગ માટે નફો કરતાં પોતાની શાખનું મૂલ્ય વધારે હોવાથી આજે સહયોગ જાગૃત માણસો માટે મીઠાઇ અને ફરસાણ ખરીદવાનું એક માત્ર સરનામું બની ગઇ છે ત્યારે આવો આપણે પણ સહયોગ ની મીઠાઇ અને ફરસાણ ખરીદી આપણા તહેવારોની તંદુરસ્તી પૂર્વક ઉજવણી કરીએ.












## દૂધસાગરના ઈતિહાસમાં પ્રથમવાર - એક જ મહિનામાં - આઠ દૂધમંડળીઓના ઉદ્‌ઘાટન થયા

# એક માસમાં 8 ગામોની દૂધ મંડળીઓને મળ્યા તમામ આધુનિક સુવિધાઓ સાથેના નવા મકાનો

૭ જૂલાઈ
દવાડા



૧૨ જૂલાઈ
નવા સુદાસણા



૧૨ જૂલાઈ
તાલેગઢ



૧૨ જૂલાઈ
કૂબડા



૧૭ જૂલાઈ
શાહપુર
(વડ)



૧૭ જૂલાઈ
સોભાસણ



૨૫ જૂલાઈ
આનંદપુરા
(સોલૈયા)



૨૫ જૂલાઈ
અજરાપુરા
(માણસા)



હું ધીમે પણ
નક્કર પગલે આગળ વધુ છું
હા ... હું દૂધસાગર બોલું છું !
હું શાન્તચિતે
મારા પશુપાલકોનો અવાજ સાંભળું છું
હા ... હું દૂધસાગર બોલું છું !
સમયની સાથે નવું નવું શિખવાની
હું તૈયારી રાખું છુ
હા ... હું દૂધસાગર બોલું છું !
હોય નવો પાવડર પ્લાન્ટ કે,
સૂર્ય ઉર્જા સાથેની દોસ્તી
વિજ્ઞાન સાથે કદમતાલ જાળવી રાખું છું
હા ... હું દૂધસાગર બોલું છું !
મંડળીઓ બનશે હવે સૂસજ્જ
બલ્ક કૂલર અને AMCS
સોલાર પેનલ અને સ્વચ્છતા
વખતની વેળાનો હું ઈશારો સમજુ છું
હા ... હું દૂધસાગર બોલું છું !
હું બળબળતા બપોરના આકરા તાપ ને
હસતાં હસતાં સહન કરું છું
હા ... હું દૂધસાગર બોલું છું !
હું પોષ માસની
કડકડતી ટાઢ માં પણ પરસેવો પાડું છું
હા ... હું દૂધસાગર બોલું છું
ક્યારેક સાવ ઓછો
ક્યારેક મુશળધાર
વરસાદના માર સહન કરીને
મારું ભવિષ્ય
મારી જાતે લખું છું
હા ... હું દૂધસાગર બોલું છું !!

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા